# આણંદ કૃષિ યુનિવર્સિટીના વસો કેમ્પસ ખાતે કૃષિ સંલગ્ન સ્નાતક અને ડીપ્લોમા અભ્યાસક્રમો વિષે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટીની એગ્રીકલ્ચર કોલેજ, વસો કેમ્પસ ખાતે તા. ૧૩/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગેની વિસ્તૃત માહિતી આપવા માટે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કે.બી. કથીરિયા અને કુલસચિવશ્રી, ડૉ. ગૌતમ આર. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આયોજીત આ સેમિનારમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા, ફીની વિગત, કેમ્પસ ખાતે ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક સુવિધાઓ તેમજ કારકિર્દીની તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આકૃયુ, વસોના આચાર્યશ્રી, ડૉ. બી. સી. પટેલ દ્વારા સેમિનારમાં હાજર રહેલ સર્વે વાલીઓ અને વિદ્યાર્થીઓને આવકારીને કૃષિ સંલગ્ન અભ્યાસક્રમો અંગે પ્રેરક ઉદબોધન આપેલ. સેમિનારમાં કૃષિ કોલેજના એકેડમિક ઇન્ચાર્જશ્રી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન થકી કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો, શૈક્ષણિક સુવિધાઓ તેમજ કારકિર્દીની તકો અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. વધુમાં, આણંદ કૃષિ યુનિવર્સિટીની સ્નાતક અને પોલિટેકનીક કક્ષાએ ચાલતી વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓની વિડિયો ક્લીપનું પ્રસારણ તેમજ અભ્યાસક્રમોની માહિતી સભર સાહિત્ય પણ વિતરણ કરવામાં આવેલ. વધુમાં કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓના એડમીશન અને કૃષિ અભ્યાસક્રમોને લગતા પ્રશ્નોની બાબતે સચોટ માર્ગદર્શન આપીને નિરાકરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ કૃષિક્ષેત્રે શિક્ષણ અને તેમાં રહેલ રોજગારીની સંભાવનાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. સદર કાર્યક્રમમાં ખેડા જિલ્લામાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્યક્રમના ફોટોગ્રાફ:








